# અક્રમ યુથ

જાન્યુઆરી ૨૦૨૨ ગુજરાતી     દાદા ભગવાન પરિવાર     ₹ 20



# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૦૪ | પરિચય |
| ૦૬ | તમારે આવું કેટલી વાર બને છે ? સાચું કહેજો. |
| ૦૮ | સર્વે |
| ૧૦ | આવું કેમ થાય છે ? |
| ૧૩ | જ્ઞાની વિથ યુથ |
| ૧૫ | એક્ટિવિટી |
| ૧૬ | જ્ઞાની વિથ યુથ |
| ૧૮ | સોલ્યુશન્સ |
| ૨૦ | જનરેશન ગેપ **Memes** |
| ૨૨ | #કવિતા |



વર્ષ: ૯, અંક : ૯
સળંગ અંક : ૧૦૫
જાન્યુઆરી ૨૦૨૨



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn in favour of "Mahavideh Foundation" payable at Ahmedabad.


© 2022, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય

મારા વ્હાલા યુવા મિત્રો,

આપણે સહુ યુવાનોએ જનરેશન ગેપ ટોપિક ઉપર આધારિત અક્રમ યુથના બે અંકો [જૂન ૨૦૨૧ - મીટ સકતી હૈ યહ દૂરિયા અને જુલાઈ ૨૦૨૧ - માતા-પિતાના પોઝિટિવ]થી સુંદર સમજણ મેળવી. જે આપણને પેરન્ટ્સ સાથેના રોજિંદા વ્યવહારમાં સુમેળ સાંધવામાં ખૂબ ઉપયોગી લાગી રહી છે. આપ સૌના પોઝિટિવ પ્રતિસાદથી પ્રેરણા લઈ, આવા જ એક ઉપયોગી વિષયને કેન્દ્રમાં રાખીને જનરેશન ગેપ - 'વ્યુ પોઈન્ટ ડીફરન્સ'નો આ ત્રીજો અંક પ્રસ્તુત કરી રહ્યા છીએ.

આ અંકમાં આપણે પેરન્ટ્સ અને યુથ, બન્ને જનરેશનના વ્યુ પોઈન્ટ એટલે કે દ્રષ્ટિબિંદુ કઈ રીતે અલગ હોય છે ? તે જાણીશું અને થોડીક સમજણ સેટ કરવાથી સુંદર સમાધાન મેળવવાની દિશા પણ મેળવીશું. આ સમજણરૂપી સેતુ આપણી અને પેરેન્ટ્સ વચ્ચેના જનરેશન ગેપ થકી થતી અણસમજણો અને મતભેદને દૂર કરી આપશે એવી આશા અને શુભેચ્છા સાથે....

જય સચ્ચિદાનંદ.

- ડિમ્પલભાઈ મહેતા

# પરિચય



હેલો ફ્રેન્ડ્સ, હું છું રાજ.
વેલકમ ટુ માય યુ ટ્યુબ ચેનલ...

'મારા પેરેન્ટ્સ મને ક્યારેય સમજી નહીં શકે.'
'એમને તો બસ પોતાનો જ વ્યુ પોઈન્ટ સાચો લાગે છે.'
'મને તો બધી વાતમાં ના જ પાડે છે.'
'મને લાગે છે એ ઉત્તર દિશા છે અને હું દક્ષિણ દિશા છું.'
'અમારા વચ્ચેનો 'ગેપ' ક્યારેય ખતમ થશે જ નહીં.'

મિત્રો, તમને પણ આવા જ પ્રશ્નો આવે છે ને ? જિંદગીની હોડમાં આગળ વધતા, દોડતા દરેક યુવાનને ક્યાંકને ક્યાંક તો આવા પ્રશ્નો ઉદ્‌ભવતા જ હશે. સાથે સાથે પોતાનું બાળક ક્યાંય પાછું ન પડે તેવી ઈચ્છા ધરાવતા આપણા માતા-પિતાને પણ આપણા માટે આવા પ્રશ્નો ઉદ્‌ભવતા જ હોય છે.

આજે અમે તમારા માટે લાવી રહ્યા છીએ જનરેશન ગેપ-૩ 'વ્યુ પોઈન્ટ ડીફરન્સ' જેમાં છે માતા-પિતા અને બાળકોના જુદા જુદા દ્રષ્ટિકોણથી ઊભા થતાં મતભેદોની રસપ્રદ વાતો, ઉભા થતાં પ્રશ્નો અને તેનું સમાધાન મેળવવાની દિશા જે તમારા રોજિંદા જીવનમાં ચોક્કસ ઉપયોગી નીવડશે.

તો ચાલો, જાણીએ બાળકો અને માતા-પિતાના વ્યુ કેવી રીતે જુદા પડતાં હોય છે ?





# સબસ્ક્રાઈબ YouTube ચેનલ

## (દાદા ભગવાન ફાઉન્ડેશન)

Scan Here

**The Official YouTube Channel of Dada Bhagwan Foundation.**

Live Satsangs | Spiritual Web Radio

Kids Videos | Youth Videos | Spiritual Videos

# તમારે આવું કેટલી વાર બને છે ? સાચું કહેજો.

## ફૂડ





રોજ શું એકનું એક શાક-રોટલા અને દાળ-ભાત. મહિનામાં એકવાર તો બહાર જમવાનું હોય કે નહીં ?

**પપ્પા** - આને ખબર નથી કઈ રીતે ખાવાનું બને છે હોટલોમાં. ઘરમાં આટલું સરસ તો બને છે, ખાલી ખોટા ખર્ચા શું કામ કરવા ?

**મમ્મી** - આટલી મહેનત કરીને આટલું સરસ બનાવું છું તો પણ આને બહાર ખાવું હોય છે.


## બ્રાન્ડેડ કપડાં





આવી જ ક્વૉલિટીના કપડાં બીજી જગ્યાએ થોડા સસ્તા મળી જશે.

વર્ષમાં ક્યારેક કપડાં લઈએ છીએ, તો બ્રાન્ડેડ જ લઈએ ને.




# એક્સપેક્ટેશન

આના કરતાં
ઘણું સારું કરી શકે છે,
પણ આળસ કરે છે.




આટલું સરસ રિઝલ્ટ આવ્યું,
તો પણ આમને સંતોષ નથી.

# લેટ નાઈટ આઉટીંગ






મોડે સુધી બહાર
ફરશે તો કુસંગ
પેસી શકે છે.

ફ્રેન્ડ્સ સાથે
એન્જોય કરીએ
મસ્ત.

અમે આવા જ કેટલાક પ્રશ્નો સર્વે માટે
યુવાનો અને પેરેન્ટ્સને પૂછ્યા, ચાલો,
જોઈએ શું આવ્યું છે સર્વેનું પરિણામ :



# સર્વે





**Q : ૧ જ્યારે તમે 'સ્કાયડાઈવીંગ' સાંભળો ત્યારે તમારા મનમાં આવતા પહેલા વિચારો શું હોય ?**

| | યુથ | પેરેન્ટ્સ |
|---|---|---|
| રોમાંચક હશે. | 61% | 09% |
| જોખમી છે. | 17% | 47% |
| ખર્ચો બહુ થશે. | 15% | 41% |
| ખૂબ સરસ ! મજા આવશે. | 46% | 08% |
| ના... ના... ન જવાય. | 03% | 33% |
| મારી બકેટલિસ્ટમાં છે ! | 11% | 08% |

**Q : ૨ શું તમને લાગે છે કે ફુલ ટાઈમ કન્ટેન્ટ ક્રિએટર બનવું એ કારકિર્દીની યોગ્ય પસંદગી છે ?**

| | યુથ | પેરેન્ટ્સ |
|---|---|---|
| હા | 66% | 42% |
| ના | 23% | 25% |
| કદાચ | 11% | 33% |





**Q : ૩ શું તમને લાગે છે કે લેપટોપ/મોબાઈલ/ઈન્ટરનેટ મનુષ્યો પર સરવાળે સારી અસર કરે છે ?**

| | યુથ | પેરેન્ટ્સ |
|---|---|---|
| હા | 69% | 16% |
| ના | 31% | 84% |

**Q : ૪ તમારા મતે સોશિયલ મીડિયા/નેટ સર્ફિંગ પર કેટલા કલાક ખર્ચ કરવા યોગ્ય કહેવાય ?**

| | યુથ | પેરેન્ટ્સ |
|---|---|---|
| ૦ | 1% | 17% |
| ૩૦ મિનિટ | 25% | 42% |
| ૧ કલાક | 34% | 34% |
| ૨ કલાક | 45% | 7% |
| ૩ કલાક | 67% | 0% |



જોયુંને મિત્રો,
યુથ અને પેરેન્ટ્સના ઓપિનિયન કેટલા જુદા આવે છે !
ચાલો, જોઈએ આનું મૂળ કારણ શું છે ?




## આવું કેમ થાય છે ?

**ટેક્નોલોજી :** ઇલેક્ટ્રોનિક્સ પર કેટલો સમય આપવો ? એનો ઉપયોગ શેના માટે કરવો ? આવી બાબતોમાં બાળકો અને માતા-પિતાના મત ભાગ્યે જ સરખા હોય છે.

એક સંશોધન મુજબ, જેમનો જન્મ ૧૯૪૬-૧૯૬૪ દરમ્યાન છે તેમાંથી 85% અને જેમનો જન્મ ૧૯૬૦-૧૯૮૦ દરમ્યાન છે તેમાંથી ૬૭% લોકો પાસે સ્માર્ટ ફોન નથી. એમની સરખામણીમાં જેમનો જન્મ ૧૯૮૧-૧૯૯૬ દરમ્યાન છે તેમાંથી આશરે 92% લોકો પાસે સ્માર્ટફોન છે.

તકનીકી વર્તણૂકની દ્રષ્ટિએ, જૂની પેઢી તેમના ફોનનો ઉપયોગ મોટાભાગે ફક્ત ફોનકોલ કરવા માટે જ કરે છે. જ્યારે યુવા પેઢી માટે, ફોન એ વિશ્વ સાથે જોડાવાની ડિજિટલ બારી છે. યુવા પેઢી ફોનનો ઉપયોગ, ઓનલાઈન સંદેશાની આપ-લે માટે ઈ-મેઈલ, ઓનલાઇન પેમેન્ટ કરવા, ભણવા માટે, ઘરે બેઠા આખી દુનિયા સાથે વ્યવસાય કરવા માટે, સોશિયલ મીડિયા માટે, ગેમ્સ રમવા, સંગીત સાંભળવા, વિડિયો રેકોર્ડ કરવા ને જોવા માટે તથા અન્ય કારણોસર કરે છે.



# માતા-પિતા અને યુથની પ્રકૃતિ વચ્ચે તફાવત



## એડજસ્ટમેન્ટ લેવાની શક્તિ




## સ્માર્ટનેસ








## વડીલોનું માને




## મોહ








# હૃદય અને બુદ્ધિ



**પેરેન્ટ્સ હૃદયથી વિચારે.**

**છોકરાઓ બુદ્ધિથી વિચારે.**

**પેરેન્ટ્સ છોકરાનું વિચારે.**

**છોકરાઓ પોતાનું વિચારે.**

**પેરેન્ટ્સ સારા સાથે નરસાં પાસા પણ વિચારે.**

(દા.ત. એક્સિડન્ટ થઈ જશે તો ?)

**છોકરાઓ પોતાના આનંદનું જ વિચારે.**

(દા.ત. રોડ ટ્રીપમાં મજા આવશે.)

આ સંશોધન જોઈને તો એવું લાગે છે કે આ ભારત-શ્રીલંકાના સમુદ્ર જેવા 'ગેપ' વચ્ચે સેતુ બાંધવો પડશે. તો ચાલો, આ સેતુ બાંધવા નીરુમા શું કહે છે એ જોઈએ.



# જ્ઞાની વિથ યુથ




**પ્રશ્નકર્તા :** નીરુમા, આ જનરેશન ગેપને હિસાબે દલીલ તો થઈ જ જાય છે કારણ કે મારા પેરેન્ટ્સનો વ્યુ પોઈન્ટ અલગ હોય છે અને મારો અલગ હોય છે.

**નીરુમા :** એ તો આપણને ખબર જ છે કે આપણો ને એમનો વ્યુ પોઈન્ટ અલગ છે. પણ એનો અર્થ એવો નથી કે આપણે દલીલ કરીને એ ગેપને ઓછો કરીએ, ઊલટો વધશે.

**પ્રશ્નકર્તા :** તો આ દલીલો બંધ કઈ રીતે કરવી ? એના માટેનો રસ્તો ? પ્રતિક્રમણ ?

**નીરુમા :** દલીલો નથી કરવાની. આપણે એમના વ્યુ પોઈન્ટને સમજવાની જરૂર છે અને આપણને ના સમજાય તો કહીએ કે સમજાવો મને. પછી કહેવાનું કે હવે મારી વાત છે તે પણ તમે સમજો, મારો આ વ્યુ પોઈન્ટ છે. પછી છેવટે જે કંઈ બને છે એ વ્યવસ્થિત છે.




**પ્રશ્નકર્તા :** એ સમયે જે દલીલ થાય છે, એ બંધ નથી થતી. પછીનું પરિણામ શું આવશે એ તો વ્યવસ્થિત જ્ઞાન છે જ.

**નીરુમા :** એના માટે તારે દરરોજ ૧૦ મિનિટ કાઢવાની, મમ્મી-પપ્પા માટે.

**પ્રશ્નકર્તા :** શું કરવાનું ?

**નીરુમા :** આખા દિવસમાં મેં ક્યાં ક્યાં એમની સાથે દલીલ કરી, દરરોજ જુઓ અને એમાં પોતાની ભૂલ ક્યાં ક્યાં થઈ છે એ રોજ જોવાનું, રોજ તમે એ જોશોને તો જ એની સામે જાગૃતિ રહેશે. નહીં તો ઢીલું થતું જશે. શું ? એમણે શું ગુનો કર્યો છે ? એમના વ્યુ પોઈન્ટથી એ ચાલે છે. આપણોય ગુનો નથી, આપણે આપણા વ્યુ પોઈન્ટથી ચાલીએ છીએ. હવે આપણે સાથે રહીને કામ કરવાનું છે, નભાવવાનું છે તો એડજસ્ટમેન્ટ થાય એટલા કરવાના. ના હોય તો છેવટે પછી આપણે એ સમયે તો મૂકી દો. તમારી સાચી વાત હશે ને વ્યવસ્થિતમાં હશે તો આગળ એ સામેથી આવવાનું જ છે પાછું.





મિત્રો, સેતુ બાંધવાનું તો હજી ચાલુ જ છે, આપણે એક નાનકડો બ્રેક લઈશું... આપણા માટે એક મસ્ત એક્ટિવિટી આવી રહી છે...




# એક્ટિવિટી


**૧ - કેટલા કાળા ટપકાં છે ?**




**૨ - કઈ આકૃતિ મોટી છે ?**





**૩ - કાળી લીટી ક્યાં નીકળે છે ?**
**લાલમાં કે વાદળીમાં ?**



**૪ - આ ચિત્રમાં કેટલા**
**રંગોના દડાઓ છે ?**






મિત્રો,
એક્ટિવિટી મસ્ત હતી ને ?
ચાલો, બ્રેક પૂરો કરી ફરીથી સેતુ
બાંધવાનું શરુ કરીએ...

**ઉત્તર : ૧)** ૧૨, **૨)** બન્ને સરખી, **૩)** લાલ, **૪)** ૧

# જ્ઞાની વિથ યુથ




**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ પૂજ્યશ્રી, મારો પ્રશ્ન એ છે કે મારે અને પપ્પાને મોબાઈલ યુઝ કરવાની બાબતે મતભેદ વધારે થાય છે. અને ક્યારેક પ્રતિક્રમણ કરું ત્યારે એવું લાગે કે મેં ખોટું શું કર્યું ? અમુક વખત મને એમ લાગે કે એ પોતે પણ મારા જેટલો જ યુઝ કરે છે.

**પૂજ્યશ્રી :** હા, પણ તોય પપ્પાને દુઃખ થાય છે કે રાજી થાય છે ?

**પ્રશ્નકર્તા :** દુઃખ થાય છે.

**પૂજ્યશ્રી :** માટે આપણી ભૂલ છે, પાછા ફરો.


**પ્રશ્નકર્તા :** અને પછી ક્યારેક પ્રત્યક્ષમાં માફી માંગી લઉં. પછી પપ્પા કહે છે પણ ખરાં કે તું દીપકભાઈને પ્રશ્ન પૂછજે કે એ કઈ રીતે સોલ્વ કરતા હતા ?

**પૂજ્યશ્રી :** ના, પણ આપણે પપ્પા માટે કઈંક નેગેટિવ અભિપ્રાય પડ્યો હશે કે આવા જ છે, મને આમ નથી કરવા દેતા, આવું જ છે, મમ્મી જોડે પણ આમ જ કરે છે. કંઈક નેગેટિવ હશે ખરુંને પપ્પા માટે ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે જ થાય છે.

**પૂજ્યશ્રી :** હં, એટલે એ બધું ભૂસી નાંખ, પ્રતિક્રમણ કર, પપ્પાને દોષિત નથી જોવા, ગમે તેમ પણ ઉપકારી છે અને પોઝિટિવ જો. પોઝિટિવ નથી એમનામાં આપણી માટે ?

**પ્રશ્નકર્તા :** ઘણાં બધાં પોઝિટિવ છે.



**પૂજ્યશ્રી :** મમ્મી માટે તો પોઝિટિવ હશેને પપ્પા ? ઘર માટે પોઝિટિવ હશેને કે નહીં હોય ?

**પ્રશ્નકર્તા :** હા.

**પૂજ્યશ્રી :** તો આપણે પોઝિટિવ જુઓને ? શું કામ એમના દોષ જોઈએ ?

**પ્રશ્નકર્તા :** એટલે જોવા ના હોય પણ ક્યારેક આમ સંઘર્ષ થઈ જાય.

**પૂજ્યશ્રી :** હા, પણ સંઘર્ષ કેમ થાય ? આપણે ફરવા જવું હોય અને પપ્પા ના પાડે એટલે આપણો મોહ પૂરો ના થાય એટલે નેગેટિવ દેખાય.

**પ્રશ્નકર્તા :** એવી બાબતમાં નહીં, નાની નાની બાબતમાં.

**પૂજ્યશ્રી :** હા, પણ નાની નાની બાબતમાં આપણી કંઈ પકડ હશે તો જ ને ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે જ.

**પૂજ્યશ્રી :** તો આપણને એમ હોય કે મારે આમ કરવું છે અને એમની ના હોય એટલે પછી એમના દોષ દેખાય. એટલે આપણે છોડોને. પપ્પા, મારો વ્યુ પોઈન્ટ આવો હતો પણ તમે ના પાડો તો હું બંધ રાખું.

**પ્રશ્નકર્તા :** પછી ક્યારેક સમજાવવાની કચાશ હોયને આપણામાં એટલે એવું થાય છે.

**પૂજ્યશ્રી :** હા, એટલે આપણે નક્કી કરોને કે હમણાં ના પાડે છે તો બંધ રાખો. પછી મૂડમાં હોય ત્યારે કહેવાય, પપ્પા મને આવી ઈચ્છા હતી. મા-બાપને પોતાના છોકરાની બધી ઈચ્છાઓ પૂરી કરવા માટે એટલું બધું દિલ હોય છે કે આપણે કંઈ ભૂલ કરીએ તો ચિડાઈ જાય પણ થોડીવાર પછી પ્રેમથી વાત કરીશુંને એટલે કહેશે સારું બેટા, તું આટલું પતાવી દે. તરત છૂટ આપશે.

ઓહોહો ! જ્ઞાનીઓની તો વાત જ જુદી. કેટલા અઘરા પ્રશ્નને પણ સરળતાથી સોલ્વ કરી દીધો. ખરેખર, આ તો જનરેશન ગેપ પૂરવા માટેની ખૂબ ઊંચી વાત છે. હવે હું પણ આ ગેપ પૂરવાનો ચોક્કસ ટ્રાય કરીશ.



# સમઝણથી સોલ્યુશન્સ

## ફૂડ





‘‘પપ્પા, અહીં ખાવાનું ચોખ્ખું મળે છે અને એટલું મોંઘુ પણ નથી હોતું. મને ઘણી ઈચ્છા છે આજે, તમે કહેતા હો તો આજે અહીં જમીએ ?’’

## બ્રાન્ડેડ કપડાં






‘‘પપ્પા મને બ્રાન્ડેડ કપડાં ગમે છે પણ બજેટની બહાર ખરીદી નહીં કરું, ઓછા જોડી લઈશ. ચાલશેને ?


# એક્સપેક્ટેશન




‘‘પપ્પા મેં મારું બેસ્ટ આપ્યું હતું. આ વખતે મારી જે ભૂલ થઇ છે એ સુધારીને નેક્સ્ટ ટાઈમ હું આનાથી વધારે સારું રિઝલ્ટ લાવી શકું એવી પૂરી મહેનત કરીશ.’’


# લેટ નાઈટ આઉટીંગ





‘‘પપ્પા, હું વ્યોમેશ અને કલ્પેશ સાથે ફરવા જાઉં છું. અમે લોકો થોડું એન્જોય કરીશું અને પાછા આવતા રહીશું. એવું કંઈ પણ કામ નહીં કરીએ કે જેથી કુસંગ તરફ જવાય. અને હું જેટલું બને એટલું વહેલો પાછો આવી જઈશ. હું જાઉંને પપ્પા ?

# જનરેશન ગેપ MEMES










જસ્ટ ભણીને ઉઠ્યો રિલેક્સ થવા માટે...
**મમ્મી :** ઘરના કામ પૂરા કર...!


મને રૂ.૨૦૦/- મળશે આજે બહાર ખાવા માટે ?
હું વધારેમાં વધારે રૂ.૧૦/- આપી શકું.


હું આ ઉનાળામાં ફરવા જવાનો છું...
એક નજીકની સેફ જગ્યાએ... જ્યાં કોઈ ડેન્જરસ એક્ટિવિટી નથી અને એક વડીલ સાથે લઈ જશો જેથી તમે કોઈ મુશ્કેલીમાં ન પડો, રાઈટ ?

# #કવિતા

બાળક આજના ખૂબ ઝડપી WIFI છે !
2G જેવા મમ્મી-પપ્પા પાછળ રહી જાય છે !

બાળક મોજ-મસ્તીમાં દોડતી સુપર ફરારી છે !
ને મમ્મી-પપ્પા સતર્ક અને સાવધાન સવારી છે.

કદાચ થોડા જૂના પણ બાળકને હિતકારી છે !
બાળકો સમજો એમનો અનુભવ ઉપકારી છે.

ચાલો, ચલાવી લીધું કે વિચારોમાં થોડો મતભેદ છે !
પણ શું એમને દુઃખ દીધાનો તમને ખેદ છે..?

સાચવી સાચવી મોટા કર્યા, કોઈ કૂંપળ સમાન !
હવે એમને કાંટા મારી દેવા, એ તો છે ભૂલ મહાન,

મમ્મી-પપ્પા સાથે, બસ થોડું ચલાવી લેવાનું છે !
એમના હજારો ઉપકાર માટે, બસ થોડું દેવાનું છે.

એમના સુખ પરથી જ આવશે, તમારા સુખ તમામ !
મમ્મી-પપ્પાને ખુશ રાખે, તેને કુદરત આપે ઈનામ.

દાદાના યુવાનો દ્વારા

## દાદા ભગવાનની...

# ઓડીયો બુક્સ

## અને

# જ્ઞાન-ભક્તિના પદો

## 50+ એપ પર...

SOUNDCLOUD | amazon music | storytel

YouTube Music | WYNK MUSIC | audible

Jio saavn | Spotify | iTunes

gaana | Music

મૂળ દીવાથી પ્રગટો દીપકમાળ

Scan Here

**કોઈપણ સમયે...**

**કોઈપણ જગ્યાએ...**



વર્ષ: ૯, અંક : ૯
સળંગ અંક : ૧૦૫
જાન્યુઆરી ૨૦૨૨

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

## જરૂરથી વાંચો

જનરેશન ગેપ - ૨




જનરેશન ગેપ - ૧




For Free download,
visit www.akramyouth.org

Scan Here

### અક્રમ યુથના સભ્યો માટે સૂચના

**૧.**આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

**૨.**જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**